સંગઠન • સહકાર • સમર્પણ

COFFEE TABLE

સૌજન્ય

NeelKanth
GROUP OF HOTELS

Dharmadev
infrastructure limited

NETRA
multi speciality hospital

PATANG

COFFEE TABLE

સંગઠન • સહકાર • સમર્પણ

# COFFEE TABLE

અખિલ ગુજરાત લોહાણા સમાજ

# ગૌરવ ગાથા

Index for
COFFEE TABLE

સંગઠન

ટીમવર્ક

જ્ઞાતિનું ગૌરવ

મારી ફરજ

ઓળખ


માર્ગદર્શન

જવાબદારી

સમજદારી

સહકાર

સમર્પણ








તા. ૨૧-૮-૨૦૧૨

**સંદેશ**

સમાજ સંસ્કારોની પરંપરા સાથે વહેતી સરિતા છે, જેના સર્વાંગી વિકાસમાં પરિવારો દ્વારા કરાતો વિચાર-વિમર્શ અને પરામર્શ ફળદાયી ભાગ ભજવનારો હોય છે. સમાજના વિકાસના પાયામાં શિક્ષણનું મહત્ત્વ મોટું છે. સમાજમાં થતી વિવિધ સંસ્કાર અને શિક્ષણ પ્રવૃત્તિઓ સમાજનો વિકાસ કરી પ્રગતિ પથ પર આગળ લઈ જાય છે.

**અખિલ ગુજરાત લોહાણા સમાજ** ગુજરાતમાં વસતા રઘુવંશી લોહાણા સમાજના પરિવારોને જોડીને રચનાત્મક કાર્ય કરતો રહ્યો છે. વધુ ને વધુ સામાજિક જાગૃતિ ફેલાવવા કટિબદ્ધ બનેલો આ સમાજ **કોફી ટેબલ બુક** પ્રસિદ્ધ કરી રહ્યો છે ત્યારે અખિલ ગુજરાત લોહાણા સમાજને હાર્દિક શુભેચ્છા પાઠવું છું.

સૌનો,

(નરેન્દ્ર મોદી)

પ્રતિ,
**શ્રી ઉમંગભાઈ હરીભાઈ ઠક્કર, પ્રમુખશ્રી,**
અખિલ ગુજરાત લોહાણા સમાજ,
સેલર, હોટલ નિલકંઠ ઈન,
પાલડી ચાર રસ્તાની નજીક,
પાલડી- અમદાવાદ.
Email:president@akhilgujaratlohanasamaj.com

**નરેન્દ્ર મોદી**
મુખ્ય મંત્રી, ગુજરાત રાજ્ય

---

નીતિન પટેલ

ક્રમાંક : પા.પુ./જસં./શવિ./૪૮/૭૧૫/૧૨
મંત્રી,
પાણી પુરવઠા, જળસંપત્તિ (કલ્પસર પ્રભાગ સિવાય),
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ,
ગુજરાત સરકાર,
બ્લોક નં. ૧, ૭મો માળ, સચિવાલય, ગાંધીનગર.
તારીખ : 3 SEP 2012

**શુભેચ્છા સંદેશ**

સ્નેહીશ્રી,

અખિલ ગુજરાત લોહાણા સમાજ, અમદાવાદ ધ્વારા ગુજરાતમાં ફેલાયેલ રઘુવંશી લોહાણા સમાજની જુદી-જુદી ૪૫૦ થી વધારે જ્ઞાતિઓમાં એકતા વધે, સામાજિક જાગૃત્તિ ફેલાય તે હેતુથી **"કોફી ટેબલ બુક (માહિતી પુસ્તિકા)"** પ્રસિધ્ધ કરી રહયા છો, તે જાણી આનંદ થયો.

આપના ધ્વારા પ્રસિધ્ધ થનાર **"કોફી ટેબલ બુક (માહિતી પુસ્તિકા)"** સમસ્ત રઘુવંશી લોહાણા સમાજના તમામ પરિવારજનોને ઉપયોગી થશે તેવી શુભેચ્છા પાઠવું છું.

આપનો સ્નેહાધીન,

(નીતિન પટેલ)

પ્રતિ,
શ્રી ઉમંગભાઈ હરિભાઈ ઠક્કર
પ્રમુખશ્રી,
અખિલ ગુજરાત લોહાણા સમાજ,
સેલર, હોટલ નિલકંઠ ઈન,
પાલડી ચાર રસ્તાની નજીક, પાલડી,
અમદાવાદ.

નિવાસ સ્થાન : બંગલા નં. ૨૦, મંત્રીશ્રી નિવાસ સ્થાન, સેકટર-૨૦, ગાંધીનગર.
ફોન નં. : ૨૩૨૫૯૭૦૭, ૨૩૨૩૨૪૯૧, ૨૩૨૨૧૮૯૧
કાર્યાલય ફોન : ૦૭૯-૨૩૨૫૦૧૧૬ થી ૨૩૨૫૦૧૧૯, ૨૩૨૩૮૦૭૬ - ૨૩૨૪૩૩૮૯
ફેક્સ : ૦૭૯-૨૩૨૫૦૧૨૦
વિધાનસભા કાર્યાલય : ૨૩૨ ૫૩૧૭૧-૭૨, ૨૩૨ ૫૦૯૭૦

---

**Parimal Nathwani**
Group President - Corporate Affairs

**Reliance**
**Industries Limited**

"VRAJ", Opp. HDFC Bank, Beside Chandanbala Tower, Near Suvidha Shopping Center, Paldi, Ahmedabad - 380 007
Phone : +91 (079) 40094901 Fax : +91 (079) 40091430

ઓગસ્ટ ૩૦, ૨૦૧૨

પ્રતિ
શ્રી ઉમંગ હરિભાઈ ઠક્કર, પ્રમુખશ્રી
અખિલ ગુજરાત લોહાણા સમાજ
સેલર, હોટલ નીલકંઠ ઈન,
પાલડી ચાર રસ્તા નજીક, પાલડી,
અમદાવાદ – ૩૮૦ ૦૦૭

**શુભેચ્છા સંદેશ**

અખિલ ગુજરાત લોહાણા સમાજ એક માહિતી પુસ્તિકા પ્રસિદ્ધ કરવાનું આયોજન કરે છે તે જાણ્યું. ખૂબ આનંદ થયો. રઘુવંશી લોહાણા સમાજ એક સૂત્રમાં બંધાય અને સૌ એકમેકના પૂરક બની સમાજનું નામ દેશ અને દુનિયામાં ઉજ્જવળ કરે તે સૌના હિતમાં છે. આવા શુભ હેતુથી તૈયાર થઇ રહેલી માહિતી પુસ્તિકાના માધ્યમથી લોહાણા સમાજના બધા ઘટકો એકમેકની વધુ નજીક આવશે તેવી શ્રદ્ધા છે. અખિલ ગુજરાત લોહાણા સમાજના આવા પ્રયાસોને બિરદાવું છું અને આગામી સમયમાં પોતાની હેતુલક્ષી પ્રવૃત્તિઓના માધ્યમથી સાર્થક પ્રદાન કરશે તેવી અભિલાષા સાથે હાર્દિક શુભેચ્છા પાઠવું છું.

જય જલારામ.

ભવદીય

પરિમલ નથવાણી

Registered Office : 3rd Floor, Market Chambers IV, 222 Nariman Point, Mumbai - 400 021. India

---

**અસિત વોરા**
બી.એસ.સી., બી.એસ.સી. (ટેક)
મેયર

**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન**
મહાનગર સેવા સદન

તા. ૨૨-૮-૨૦૧૨

સ્નેહીશ્રી ઉમંગભાઈ,

અખિલ ગુજરાત લોહાણા સમાજ તરફથી એક કોફી ટેબલ બુક સામાજીક જાગૃતિ અર્થે પ્રસિધ્ધ કરવામાં આવી રહી છે તે જાણી આનંદ. વિવિધ સમાજ તેના સામાજીક ઉત્થાન માટે હરહંમેશ વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરી કાર્યરત રહે છે અને જેમાં સમાજના અગ્રણીઓ સહિત સૌ કોઈનું યેનકેન પ્રકારે યથાશકિત યોગદાન રહેતુ હોય છે. સમાજસેવાની સાથે સામાજીક જાગૃતિ લાવવાના ઉમદા હેતુસર રઘુવંશી અખિલ ગુજરાત લોહાણા સમાજે વિવિધ આયામો ઉભા કરવા ઉપરાંત અનેકવિધ પ્રવૃત્તિઓ આદરેલી છે. આ દિશામાં આગળ વધી રાજ્યમાં ગામે ગામ સામાજીક જાગૃત્તિ લાવવાના શુભ આશયથી કોફી ટેબલ બુક પ્રસિધ્ધ કરવાના પ્રયાસો અભિનંદનીય અને આવકાર્યની સાથે માર્ગદર્શક બની રહેશે. આ પ્રસંગે અખિલ ગુજરાત લોહાણા સમાજ ઉત્તરોત્તર પ્રગતિના સોપાનો સર કરે તેવી શુભેચ્છાઓ સાથે કોફી ટેબલ બુકની પ્રસિધ્ધીને સફળતા ઈચ્છું છું.

આપનો સ્નેહાધિન,


(અસિત વોરા)

શ્રી ઉમંગભાઈ હરીભાઈ ઠક્કર
પ્રમુખશ્રી,
અખિલ ગુજરાત લોહાણા સમાજ,
સેલર, હોટલ નિલકંઠ ઈન,
પાલડી ચાર રસ્તાની નજીક, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭.

**સરદાર પટેલ ભવન, મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદ-૩૮૦ ૦૦૧.**
ફોન : (ઓ) ૦૭૯-૨૫૩૨૯૦૦૯, મેયર બંગલો : ૦૭૯-૨૬૪૬૩૪૪૫, (ઘર) : ૦૭૯-૨૫૪૬૬૦૨૯, મો. : ૯૮૨૫૦ ૩૨૦૨૦
ફેક્સ : ૦૭૯-૨૫૩૫૨૯૮૮ E-mail : mayor@egovamc.com Website : www.egovamc.com

## મારા સંકલ્પ

### મારી ધગશ...     મારી ઇચ્છા...     મારો ગોલ...



સમાજ ને યુવા વર્ગને સમાજમાં જોડી એને કાંઈ ક્રીએટીવ / રચનાત્મક કાર્ય થાય તેવા હેતુ સર સમાજની જરૂરીયાત મંદ વ્યક્તિ ને સમાજ ઉપયોગી થઈ શકે તેવા હેતુસર...

કેમ ટીમવર્કથી કામ થાય...
કેમ સંગઠનથી કાર્ય થાય...
કેમ એકતા જળવાય રહે...
કેમ સેવાના કાર્યા વધુ થાય...

તો આપ સમાજને મારી નમ્ર નમ્ર અને નમ્ર અરજ છે. સ્વાભીમાન હોવું જરૂરી છે. પરંતું અભીમાન સ્થાને છે. આપ સેવામાં કયાં ઈગોના લાવશો તો તમારા માટે સમાજ મોટામાં મોટી સેવા છે.
સમાજની વૃદ્ધિમાં માન-સન્માન ના જળવાય પણ ઈગો મુકી કાર્ય કરતા રહો તો સમાજનો જરૂર જરૂર વિકાસ થશે.
મારી રઘુવંશીભાઈ ને એક અરજ છે, જે કાર્ય કરશે તેમાં કોઈ ને કોઈક ભૂલ થશે જ...
પરંતુ ભુલ જોયા વગર આપ સૂચન કરશો તો જરૂર કાર્ય કરનારની ભુલ સુધરશે અને આપમાં સમાજ વૃદ્ધ થશે તેવી અંતર ની આશા અપેક્ષા-અભિલાષા મારી છે.

મિત્રો... હોદ્દો, ખુરશી, શેઠાઈ તો આવતા જતા રહેવાના, સમાજ અને રઘુવશું મને ચાહે અને હું તેમને ચાંહુ તેવી ધારણા બનતી રહે બીજુ શું જોઈએ રઘુવંશી દોસ્તીમાં આ લક્ષ્યાંકથી આ કોફીટેબલ બુક બનાવવાનો સંકલ્પ મે કરેલ છે.

આપણા સમાજનો એક રઘુવશી સેવકના દાસા નો દાસ પ્રણામ સહ, શ્રી ઉમંગભાઈ ઠક્કરના
જય જલારામ... જય રંઘુવશી... જય... સ્વામિનારાયણ...



## ભાવોદ્ગાર - પ્રમુખ સ્થાનેથી

શ્રી ઉમંગભાઈ ઠક્કર

|| જય સ્વામિનારાયણ ||
|| જય રઘુવંશ ||
|| જય જલારામબાપા ||

લોહણા સમાજની સૌથી વિશેષ વસ્તી ધરાવતો પ્રદેશ વિશેષ છે - ગુજરાત. ને ગુજરાતના લોહાણાને જોડતી માતૃસંસ્થા - અખિલ ગુજરાત લોહાણા સમાજ. એ સંસ્થાના છઠ્ઠા પ્રમુખ તરીકે જ્યારે મારી વરણી થઈ, ત્યારે મેં કેવળ એક હોદ્દેદાર મંત્રી તરીકે ભગવાનદાસ ઠક્કરની નિમણૂંક કરી હતી. ને બાકીના હોદ્દેદારો, કારોબારી અને વિવિધ સમિતિઓની રચના પછી કરીશ, તેવી જાહેરાત કરી હતી ૫ મહિનાના અંતરાલ પછી આજે અખિલ ગુજરાત લોહાણા સમાજની બોડીની રચના કરી અખિલ સ્વરૂપે - સંસ્થાને આપની સમક્ષ મૂકી રહ્યો છું; તે મંગલ પ્રસંગે બધાનું ઉમળકાભેર સ્વાગાત કરું છું.

જેમણે અખિલ રઘુવંશી લોહાણા સમાજની સ્થાપના કરી તે આદ્ય સ્થાપકો, પ્રમુખો તથા જુદા જુદા સમયે એમાં રહીને કાર્ય બજાવનારા જ્ઞાતિ હિતચિંતકો, સ્નેહીઓ જ્ઞાતિ પ્રત્યે પ્રેમધરાવનારા સર્વનું લાગણીપૂર્વક સ્નેહ સ્મરણ કરીને આ પ્રસંગે મારી ભાવોર્મિ આપ સર્વની સમક્ષ પ્રગટ કરું છું.

અગાઉ આપણી જે પરંપરા હતી તેનાથી જરાક અલગ ચીલો ચાતરીને હોદ્દેદારો, કારોબારી વિગેરેની રચના કરવાનું મેં એટલા માટે પસંદ કર્યુ છે કે - હું કોર્પોરેટ વર્લ્ડનો માણસ છું. દરેક કામ ‘પરફેક્ટ પ્લાનિંગ’ એ કોર્પોરેટ વર્લ્ડની પહેલી શરત છે. દરેક કાર્ય માટે એક ચોક્કસ વિઝન હોય છે. ધ્યેય હોય છે. એ પરિણામલક્ષી હોય છે. જૂના ઘસાઈ ગયેલા પૂર્જા ઘણીવાર મશીનને ચાલતું રાખે; પરિણામ ના આપે.

મોડર્ન યુગની સિસ્ટિમમાં ક્વોલિટી એ પાયાની શરત છે. હું તો બિલ્ડર છું. એક ઈંટ કાચી આવી જાય તોય ઈમારત ના બનાવીએ. દરેક ડગલાનો હિસાબ હોય. દરેક ચરણનું લક્ષ્ય હોય. ક્ષણે ક્ષણનું આયોજન. કેવળ કારોબારી કે સમિતિઓ રચી દેવી એમનહી; નક્કર કામ થવું જોઈએ...

કાગળિયા પર નામનહીં; જેને સમાજ માટે મમત્વ છે... કામ કરવું છે. નિષ્ઠાથી, ધગશથી ઉત્સાહ છે... સમય છે અને તત્પરતા છે તેવા લોકો આમાં જોડાય તો પરિણામ આવે પણ એવા જ્ઞાતિ પ્રેમીઓ શોધવા કઈ રીતે ? એટલે મેં, મુકેશભાઈ અને ભગવાનદાસ ઠક્કર ‘બંધુ’ એ ગુજરાતના મહાજનોની મુલાકાત લઈને નિષ્ઠાવાન કર્મઠ કાર્યકરોને શોધી કાઢવા માટે એક ઝૂંબેશ ઉપાડી. સૌરાષ્ટ્ર, કચ્છ, મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતના મોટા સેન્ટરોમાં રૂબરૂ મુલાકાત લીધી. ત્યાં વધુ ને વધુ મહાજનો આવે... મળે... ચર્ચા થાય તેવો ઉપક્રમ ગોઠવ્યો. જ્યાં રૂબરૂ ન પહોંચાયું ત્યાં મોબાઈલ દ્વારા સંપર્ક કરીને હજારો કાર્યકરોના હૈયા સુધી અમે અખિલ ગુજરાત લોહાણા સમાજની અમારી સંકલ્પના પહોંચાડી.

**‘ન ધરા સુધી ન ગગન સુધી,**
**ન ઉન્નતિ કે પતન સુધી**
**અમારે તો પહોંચવું હતું બસ,**
**એકબીજાના મન સુધી...’**

અમારે તો લોહાણા સમાજના છેવાડે બેઠેલા ભાઈના મન સુધી પહોંચવું હતું ને એ તાર જોડાયો. જ્યાં ગયા ત્યાં ઉમળકાનો વરસાદ વરસ્યો. બધાને જ્ઞાતિ પ્રત્યે પ્રેમછે. બધાને એક સાથે બેસવું છે. રઘુવંશના અતૂટ સગપણનો તાર જે તૂટ્યો છે તે દોરથી ફરી સંધાવું છું. પોતાના મૂળ અને કુળ સુધી બધાને પહોંચવું છે. હજુ પણ લોહીના કણ કણમાં વહી રહ્યો છે રઘુકુળનો એક મિજાજ.. એક સગપણ એક વિશ્વાસ.

જે રઘુનું શિરછત્ર ધારણ કરીને આપણે હજારો વર્ષથી ચાલી રહ્યા છીએ તે રઘુ મહાન પરાક્રમી રાજા હતા. ઉદાર હતા. ઉત્સાહી હતા. પરમત્યાગી હતા. અશ્વમેઘ યજ્ઞ કરીને વિશાળ સામ્રાજ્ય મેળવી શકતા હતા તો ત્યાગી પણ શકતા હતા. એવા રઘુવંશી લોહાણાઓને મેં હોદ્દેદાર તરીકે લીધા છે કે જે અર્જિત કરી શકે છે એટલે કે સંપત્તિ પ્રાપ્ત કરી શકે છે તો યોગ્ય સમયે સમાજના હિત માટે અર્પિત પણ કરી શકે છે. એવા ‘અર્જિત-અર્પિત’ કરનારા રઘુવંશીઓ આ અખિલ રઘુવંશી લોહાણા સમાજના ટ્રસ્ટીઓ તરીકે સમાજની ધુરાનું વહન કરશે ને સમાજને લાગશે કે એકતા અને ભાતૃભ્રાવની સંકલ્પના હવે સાકાર થઈ રહી છે.

ને કારોબારી સભામાં એવા સર્મપિત જ્ઞાતિ સભ્યો જોડાઈ રહ્યા છે કે જેઓ પોત પોતાના ક્ષેત્રમાં તો નિષ્ણાત છે જ.. પરંતુ દરેક પાસે કાંઈક વિશેષ ઉપલબ્ધિ પણ છે. તેમની શક્તિઓનો ઉપયોગ સમાજના હિત માટે થાય તે પ્રકારનું અમારું આયોજન છે.

ચાર વર્ષની અમારી મુદત દરમિયાન કેટલાક સભ્યો એવા પણ છે કે જેમણે સંકલ્પ લીધો છે કે તેઓ સમાજને ઉપયોગી બનવા માટે કઈ રીતે કાર્ય કરશે. તેવા સંનિષ્ઠ જ્ઞાતિભાઈઓની યાદી તેમના સંકલ્પ સાથે ‘ગૌરવગાથા’ માં મૂકી રહ્યા છીએ..

અખિલ રઘુવંશી લોહાણા સમાજનો આજનો આ શપથ સમારંભ - સર્વેના મનોજગતમાં સદૈવ સંભારણું બની રહે તે માટે સમગ્ર કાર્યક્રમનું ચોક્કસ આયોજન કર્યું છે.

અખિલ ગુજરાત લોહાણા સમાજને મજબૂત બનાવવો, તેના દ્વારા ગુજરાતના છસ્સો મહાજનો સુધી પહોંચવું.. ગામડા ગામમાં બેઠેલા એક લોહાણાને પણ ખબર પડે કે મને જરૂર પડશે તો અખિલ ગુજરાત લોહાણા સમાજ મારી પડખે ઊભુ રહેશે.

એ વિશ્વાસ સાથે બધાને જય સ્વામિનારાયણ... જય રઘુવીર




પત્રકાર વર્કશોપ





થેલેસેમિયા રેલી




મશાલ રેલી



પ્રમુખશ્રીની વરણી




લીડરશીપ વર્કશોપ




સંગઠન યાત્રા

## Details of Lohana Community

**2nd** in India

**5th** in Asia

**11th** in World most common cast.

**423** Lohana caste have different type of surnames.

**65%** NRI are Lohanas

Lohana is an official caste of 43 countries.

**15%** of India and **70%** of Gujarat's business handled by Lohana.

**2018** In Lohana caste will be world's number one caste.

**6th** Lohana is the most richest community in the world.

Proud to be Lohana.
Jay Jalaram and Jay Shree Ram...



* અદાજીત માહિતી

# લોહાણા સંગઠન સુધારથ

કન્વીનર : શ્રી જગજીવનદાસ કુબેરદાસ ઠક્કર (વટામણવાળા)
ટેકનીકલ સહાય : કીર્તિ જગજીવનદાસ ઠક્કર
B.E. (Electronics Communications)

સૌજન્ય શ્રી
**પ્રવિણભાઈ દયાળજી ઠક્કર**
**(હરીરામ સેવાશ્રમ)**

**મહાઅભિયાનના મુખ્ય ધ્યેય**

૧. ગુજરાતના ખૂણે ખૂણે પથરાયેલ આશરે ૨૦ લાખ રઘુવંશી લોહાણાઓની તમામ માહિતી સાથેની વસ્તી ગણતરી કરવી.
૨. દરેક રઘુવંશી લોહાણાની સામાજિક, આર્થિક, ધંધાકીય અને લગ્ન વિષયક ઝીણવટભરી માહિતીનું સંકલન અને તેનો કાયમી ડેટાબેઝ તરીકે કોમ્પ્યુટરમાં અને વેબસાઈટમાં સમાવેશ કરવો.
૩. એકદમ હાઈટેક ઈલેકટ્રોનીક ગેજેટસ જેવાં કે લેપટોપ, ટેબ્લેટ પીસી, પ્રોજેક્ટર અને સ્કીનથી સજ્જ આ લોહાણા સંગઠન સુધા રથ દ્વારા અનુભવી જ્ઞાતિ શ્રેષ્ઠીઓ દ્વારા ગુજરાતના ગામે ગામનો પ્રવાસ કરી દરેક રઘુવંશીમાં એક સામાજિક ચેતના અને સંગઠનની ભાવના મજબૂત બનાવવાનો સન્નિષ્ઠ પ્રયાસ કરવો.
૪. સુધા રથ દ્વારા છેવાડાના રઘુવંશી સુધી લોહાણાના ગૌરવભર્યા ઈતિહાસને તથા અખિલ ગુજરાત લોહાણા સમાજ અને તેના વિઝનરી યુવા પ્રમુખ અને તેમની ટીમનાં કાર્યો અને વર્ષ ૨૦૧૨ થી વર્ષ ૨૦૧૬ સુધીના તેમના કાર્યકાળ દરમ્યાનના લક્ષ્યાંકોથી લોકોને માહિતગાર કરવા.
૫. વસ્તી ગણતરીના અંતે દરેક રઘુવંશી લોહાણાને તેમનું પોતાનું એક ઓળખપત્ર (Smart ID Card) આપવું જે Govt. of India ના સન્માનજનક Aadhar ID Card (Unique Id Card) અથવા United States of America (U.S.A.) ના Social Security Card No ની કક્ષાનું હોય.

**મહાઅભિયાનના ફાયદા**

૧. સંગઠન સુધા રથ દ્વારા મેળવેલી માહીતિના આધારે જરૂરિયાતવાળા રઘુવંશી લોહાણા બંધુને એજ્યુકેશન અને હેલ્થ માટેની સહાય કરવી.
૨. રઘુવંશી યુવાનોને શિક્ષણ, નોકરી તથા ધંધા માટેનું સચોટ માર્ગદર્શન અને એને લગતા સેમિનાર તથા વર્કશોપનું આયોજન કરવું.
૩. લગ્ન ઈચ્છુક રઘુવંશી યુવા યુવતિઓને લગ્ન અંગેનું માર્ગદર્શન તથા મેળાપ માટેના પ્રયત્નો કરવા.
૪. રઘુવંશી લાહોણાના ડેટાબેટના એકત્રિકરણ દ્વારા દરેક જગ્યાએ એકતાની તાકાત અને એક વિશિષ્ટ સામાજિક દરજ્જા નો વણદેખાતો લાભ.
૫. ઈન્ટરનેટના માધ્યમથી હાઈટેક યુગમાં આપણા દરેકે દરેક જ્ઞાતિભાઈઓ સાથે રોજે રોજના સંપર્કમાં રહી શકાય અને જ્ઞાતિના દરેકે સમારંભો, મેળાવડા તથા જ્ઞાતિની કોઈપણ માહિતી રોજે રોજ આપના સુધી ઈન્ટરનેટ, SMS, Social Networking, Website અથવા પરિપત્ર દ્વારા સહેલાઈથી પહોંચાડી શકાય.
૬. Smart ID Card) અથવા Lohana Social Security Card એ દરેક રઘુવંશી લોહાણાને આખા વિશ્વમાં એક અલગ પહેચાન અપાવશે અને એમનામાં એક રઘુવંશી લોહાણા હોવાનું એક ગૌરવ પ્રસ્થાપિત કરશે.
૭. અખિલ ગુજરાત લોહાણા સમાજની સામાજિક અને સેવાકીય પ્રવૃત્તિઓ તથા લોહાણાઓના ઈતિહાસની ઝીણવટભરી માહિતી ઘરેબેઠા દરેક છેવાડાના લોહાણા સુધી પહોંચશે જે કાર્ય આજદિન સુધી ક્યારેય થયુ નથી તેવું ન ભૂતો ન ભવિષ્યતિ છે અને લોહાણઆના ઈતિહાસમાં આ પ્રકરણ સુવર્ણ અક્ષરોથી થઈ અંકાશે.
૮. આ મહાઅભિયાન દ્વારા એકત્ર થયેલ ડેટાબેઝનો સૌથી ઉત્કૃષ્ટ ફાયદો એ છે કે તાત્કાલીક બ્લડની જરૂરીયાત વાળા ઈમર્જન્સી કેસમાં આપણી વેબસાઈટ દ્વારા એ બ્લડ ગ્રુપ વાળા એ એરીયાના રઘુવંશી લોહાણાને SMS દ્વારા જાણ કરાશે અને બ્લડ ડોનેટ કરવા માંગતા લોહાણા દાતાઓની હોસ્પિટલમાં લાઈન લાગી જશે.

## અખિલ ગુજરાત લોહાણા સમાજની મંઝિલ સુધી પહોંચવાની મથામણ

જગતપિતા પરમકૃપાળુ પરમાત્મા શ્રી રામચંદ્રજી ભગવાનની અસીમકૃપાથી સાંપ્રત સમયમાંભારતમાંઅંદાજે ત્રીસ લાખ જેટલા રઘુવંશી લોહાણાઓ વસવાટ કરે છે. અનેક દૈવી પુરૂષોના આર્શીવાદથી સમસ્ત રઘુવંશી લોહાણા સમાજ ઠીક ઠીક પ્રમાણમાંસાધન સંપન્ન અને સુખી બન્યો છે. ભારતના પ્રત્યેક રાજયમાંઅને વિશ્વના અનેક દેશોમાંલોહાણાઓ વસવાટ કરે છે. પૂજય જલારામ બાપાનાંમંદિરો ગુજરાત,ભારત અને વિશ્વમાંઅનેક સ્થળોએ નિર્માણ પામ્યાંછે. દરેક વ્યકિત, સમાજ, ગામ, નગર અને રાજયના કયારેક કયારેક ખૂબ જ સારા દિવસો આવતા હોય છે. સમય અને સંજોગો બદલાય તેમ દરેક બાબતમાં પરિવર્તન પણ જરૂરી છે. આઈ.ટી.ના આ જમાનામાંનેતૃત્વક્ષેત્રે પણ યુવાન, માહિતીસભર, ઉત્સાહી અને દીર્ઘદષ્ટિ સંપન્ન માણસોની તાતી જરૂરિયાત છે. માણસ પાસે પૈસો, મિલ્કત, વાડીવજીફો બધુ જ હોય પરંતુ કામ કરવાની આગવી દષ્ટિ ના હોય તો માત્ર માલમિલ્કતને લીધે કશુંજ રચનાત્મક થઈ શકતુંનથી. લોહાણા સમાજની રચનાત્મક સક્રિયતા માટે સંગઠનક્ષેત્રે કાર્યરત અખિલ ગુજરાત લોહાણા સમાજનો પણ એક આગવો ઈતિહાસ છે. તા.૨૧/૧૦/૧૯૮૪ ના રોજ સમગ્ર ગુજરાતનાંરઘુવંશી લોહાણા મહાજનોના પ્રતિનિધિઓની એક અગત્યની બેઠક રાજકોટના રઘુવંશી અગ્રણી શ્રી મનહરભાઈ નથવાણીના અધ્યક્ષસ્થાને ગોધરા ખાતે મળી. આ મીટીંગના આયોજક શ્રી અશ્વિનભાઈ કારીયા હતા અને જેના અતિથિ વિશેષપદે બોડેલીના શ્રી બાબુભાઈ વ્રજલાલ હાલાણી ઉપસ્થિત હતા. સંગઠનની ચર્ચા અને સૂચનોને અંતે અખિલ ગુજરાત લોહાણા સમિતિની અગિયાર સભ્યોની એક એડહોક સમિતિ બનાવવામાંઆવી, જેના પ્રમુખ તરીકે શ્રી અશ્વિનભાઈ કારીયા અને મંત્રી તરીકે શ્રી કરસનદાસભાઈ કારીયાની નિમણુંક કરવામાંઆવી.

તા.૬, ૭ અને ૮ માર્ચ ૧૯૮૭ એમ ત્રણ દિવસ માટે સુરેન્દ્રનગર લોહાણા મહાજન અને ધાંગધ્રા લોહાણા મહાજનના સંયુકત ઉપક્રમે એક મહત્વની બેઠક સુરેન્દ્રનગર ખાતે મળી. જેમાંલોહાણા મહાપરિષદના તત્કાલિન પ્રમુખ અધ્યક્ષસ્થાને બિરાજમાન હતા અને મહાપરિષદની કારોબારીના મોટાભાગના સભ્યોપણ ઉપસ્થિત રહયા હતા. આ મીટીંગના કન્વીનર ધાંગધ્રાના શ્રી વસંતભાઈ જે.રાજવીર હતા. વિધિવત બંધારણ, સંગઠન, શિક્ષણ તેમજ આરોગ્યલક્ષી અનેક બાબતોની ચર્ચા વિચારણાને અંતે અખિલ ગુજરાત લોહાણા સમાજની સ્થાપના કરી તેના પ્રમુખ તરીકે શ્રી નાનુભાઈ મજેઠીયા અને મહામંત્રી તરીકે શ્રી કાન્તિલાલ વાલજીભાઈ કારીયાની નિમણુંક કરવામાંઆવી. આ મહત્વની બેઠકમાંઅંદાજે ૩૫૦૦ જેટલા ડેલીગેટસ ઉપસ્થિત રહયા હતા.સને.૧૯૯૬ માંશ્રી એલ.ટી.શ્રોફ પ્રમુખ સ્થાને નિમણુંક પામ્યા જેમના ઉપપ્રમુખ તરીકે ધાંગધ્રાના શ્રી વસંતભાઈ રાજવીર તેમજ મહામંત્રી તરીકે શ્રી બાબુભાઈ કારીયા અને સંગીતા સાડીવાળા શ્રી રણછોડભાઈ કકકડે સેવા બજાવી. સને.૧૯૯૭ માંચતુર્થ પ્રમુખ તરીકે અમદાવાદના શ્રી રસીકભાઈ બોડેલીવાળા પ્રમુખ તરીકે પસંદગી પામ્યા અને તેમના સમયગાળામાંમહામંત્રી તરીકે અનુક્રમે શ્રી બાબુભાઈ કારીયા તેમજ વડોદરાના શ્રી ઠાકોરભાઈ ઠકકરે સેવા બજાવી. સપ્ટેમ્બર-૨૦૦૯ માંકમીજલા ખાતે મળેલી મીટીંગમાંઅખિલ ગુજરાત લોહાણા સમાજના પ્રમુખ તરીકે શ્રી ઠાકોરભાઈ ઠકકર અને મહામંત્રી તરીકે શ્રી ભગવાનદાસ બંધુની નિમણુંક કરવામાંઆવી. થોડાક સમય પછી મહામંત્રી તરીકે આણંદ ખાતેની બેઠકમાંશ્રી હસમુખભાઈ કારીયાની પણ નિમણુંક કરવામાંઆવી. અખિલ ગુજરાત લોહાણા સમાજના હોદ્દેદારો તેમજ કાર્યકરો પોતપોતાની યથાશકિત મુજબ કાર્યરત હતા. આવા સંજોગોમાંઅખિલ ગુજરાત લોહાણા સમાજને વધારેને વધારે ગતિશીલ બનાવવા માટે સૌને કોઈક યુવા નેતૃત્વની શોધ હતી. ઘણી બધી મીટીંગો અને ચર્ચાને અંતે અમદાવાદ ખાતે મળેલ મીટીંગમાંપ્રમુખશ્રી ઠાકોરભાઈ ઠકકરે રાજીનામુ આપતાંનવા પ્રમુખની શોધખોળ શરૂ કરવામાંઆવી. ફરી એકવાર ચર્ચા અને મીટીંગના અંતે લોહાણા મહાપરિષદના યુવાન અને ઉત્સાહી પ્રમુખ યોગેશભાઈ લાખાણી, વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી પરેશભાઈ ભુપતાણી, *હરીરામસેવા કેન્દ્રના સેવક શ્રી પ્રવિણભાઈ દયાળજીભાઈ ઠક્કર (પ્રવિણ બાપા)*, લોહાણા મિલન અમદાવાદના પ્રમુખ અને ઈશ્કોન ગ્રુપના ચેરમેન શ્રી પ્રવિણભાઈ કોટક, અખિલ ગુજરાત લોહાણા સમાજના પૂર્વપ્રમુખ શ્રી ઠાકોરભાઈ ઠકકર અને લોહાણા મિલનના શ્રી હિંમતભાઈ કોટકને નવાપ્રમુખ શોધવા માટેની ખૂબ જ મહત્વની જવાબદારી સોંપાઈ. આ પાંચ મહાનુભાવોની ગર્વનીંગ બોડીએ મહામહેનતે અને અનેક મહાનુભાવો સાથે ચર્ચા વિચારણાના અંતે અમદાવાદના યુવાન, ઉત્સાહી, ઉદાર, ખંતીલા, ધગશશીલ, સમાજલક્ષી અને દીર્ઘદષ્ટિ સંપ્પન એવા જાણીતા બિલ્ડર અને સમાજ સેવક શ્રી ઉમંગભાઈ ઠકકર (ધર્મદેવ બિલ્ડર્સવાળા)ની અખિલ ગુજરાત લોહાણા સમાજના પ્રમુખ તરીકે પસંદગી કરી ખૂબ જ મહત્વની જવાબદારી સભાનતાપૂર્ણ રીતે સંપ્પન કરી.

તા.૨૭/૦૫/૨૦૧૨ ના રોજ અમદાવાદ ઠાકોરભાઈ દેસાઈ હોલ ખાતે સમગ્ર ગુજરાતના રઘુવંશી લોહાણા મહાજનો અને વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાંઅખિલ ગુજરાત લોહાણા સમાજના પ્રમુખ તરીકે શ્રી ઉમંગભાઈ ઠકકરે પ્રમુખપદ સંભાળ્યું. શ્રી ઉમંગભાઈ ઠકકરે તેમના

# મંઝિલ સુધી પહોંચવાની સંગઠન યાત્રા

**ભગવાનદાસ 'બંધુ' (ડીસા)**
**મહામંત્રીશ્રી,**
**અખિલ ગુજરાત લોહાણા સમાજ**





પ્રવચન દરમ્યાન મહામંત્રી તરીકે શ્રી ભગવાનદાસ બંધુની વરણી જાહેર કરીને આગળની કાર્યવાહી માટે ગતિવિધિ ચાલુ કરી. આ ક્ષણે અખિલ ગુજરાત લોહાણા સમાજ તેમજ લોહાણા મહાપરિષદ એમ બન્ને સંસ્થાઓને ગુજરાતમાંઅતિસક્રિય કરવા માટે જેમણે ખૂબ જ મહેનત કરી એવા આપણા સૌના આદરણીય વડીલ પૂજય શ્રી પોપટભાઈ ભૂપતાણીનુંસ્મરણ વારંવાર થાય છે. અખિલ ગુજરાત લોહાણા સમાજની સ્થાપના અને સક્રિયતા સાથે રાજકોટના શ્રી મનહરભાઈ નથવાણી, શ્રી છબીલભાઈ નથવાણી, સુશ્રી જસુમતિબેન વસાણી, ધાંગધ્રાના શ્રી વસંતભાઈ રાજવીર, સુરેન્દ્રનગરના શ્રી મહેશભાઈ સોમૈયા, વડોદરાના શ્રી ઠાકોરભાઈ ઠકકર, શ્રી મગનભાઈ રૂપારેલ, શ્રી હીરાભાઈ સોઢા, કચ્છના શ્રી હરેશભાઈ ગણાત્રા (માંડવી) તેમજ શ્રી શશીકાંતભાઈ ઠકકર (માધાપર), સુરતના શ્રી ધનવાનભાઈ કોટક અને શ્રી કિશોરભાઈ ભજીયાવાળા, નવસારીના શ્રી બળવંતભાઈ મશરાણી, વલ્લભવિદ્યાનગરના શ્રી હસમુખભાઈ કારીયા, અમદાવાદના શ્રી બાબુભાઈ કારીયા, શ્રી રણછોડભાઈ કકકડ, શ્રી વસંતભાઈ નથવાણી, શ્રી અમૃતભાઈ કકકડ, શ્રી પ્રવિણભાઈ વીઠલાણી, શ્રી જીતુભાઈ પુજારા, ગાંધીનગરના શ્રી અમૃતભાઈ ચંદન, અમરેલીના શ્રી અંતુભાઈ સોઢા, ઉત્તર ગુજરાતના શ્રી પોપટભાઈ અખાણી, શ્રી ભીખાભાઈ આચાર્ય, શ્રી નટુભાઈ આચાર્ય, પોરબંદરના શ્રીમતિ દુર્ગાબેન લાદીવાળા સહિત નામી-અનામી અનેક મહાનુભાવોએ પોતપોતાની રીતે ઉમદા સહયોગ આપ્યો છે. મારુંસદભાગ્ય છે કે મને અખિલ ગુજરાત લોહાણા સમાજના મહામંત્રી તરીકે ખૂબ જ સક્રિય પ્રમુખ એવા શ્રી ઉમંગભાઈ ઠકકર સાથે સમાજની સેવા કરવાની એક ઉમદા તક મળી છે. સમાજકાર્ય માટે કે કારોબારીની રચના માટે પ્રમુખશ્રી કે હોદ્દેદારો ધારે તો ટેલીફોન ઉપર વાત કરી એ.સી.ચેમ્બરમાંબેસી કારોબારી પણ બનાવી શકે અને જરૂરી વહીવટ પણ કરી શકે. નવા વરાયેલા પ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠકકરે એક અલગ ચીલો ચાતરીને સામે ચાલીને રઘુવંશી લોહાણા મહાજનોને મળવાનો તેમજ શકય તેટલાંવધુ મહાજનોના ભાઈઓ-બહેનોને મળીને તેમની સાથે સીધી ચર્ચા અને વિચારગોષ્ઠી કરવાનુંનકકી કર્યુ. આ નિર્ણયના અમલના ભાગસ્વરૂપે તેમણે પ્રવાસ પણ ચાલુ કર્યો. લોહાણા મહાપરિષદના ખૂબ જ સક્રિય પ્રમુખ એવા શ્રી યોગેશભાઈ લાખાણી સાથે ગુજરાત એકમના ઉપપ્રમુખ તરીકે શ્રી ઉમંગભાઈ ઠકકરે ઉત્તર ગુજરાતના લોહાણા મહાજનોની મુલાકાત લીધેલ હોઈ તેમણે તેમના પ્રવાસની શરૂઆત દક્ષિણ ગુજરાતના સુરત ખાતેથી કરી. સુરત ખાતે દક્ષિણ ગુજરાતના સર્વ શ્રી ધનવાનભાઈ કોટક, શ્રી કિશોરભાઈ ભજીયાવાળા, શ્રી બળવંતભાઈ મસરાણી, શ્રી જગદીશભાઈ ચંદારાણા, શ્રી કિશોરભાઈ લાખાણી, શ્રીમતિ કલ્પનાબેન ઠકકર, શ્રી જીગ્નેશભાઈ ભજીયાવાળા જેવા મહાનુભાવોના સહકારથી સુરતની મીટીંગ ખૂબ જ સફળ રહી. આ મીટીંગમાંસુરત, બીલીમોરા, નવસારી, વ્યારા, વાપી, કઠોર, સચિન, ધરમપુર, અમલસાડ, વલસાડ સહિત દક્ષિણ ગુજરાતનાંમોટાભાગનાંરઘુવંશી લોહાણા મહાજનોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહયા. આ મીટીંગમાંઉમંગભાઈની સાથે લોહાણા મહાપરિષદના ગુજરાત એકમના ઉત્સાહી મંત્રી શ્રી મુકેશભાઈ ઠકકર પણ જોડાયા.

માન.પ્રમુખશ્રી ઉમંગભાઈ ઠકકર એમની વરણી વખતે એવુ અનુભવતા હતા કે કદાચ હુંસમય ઓછો આપી શકીશ પરંતુ જેમ જેમ સમાજના ભાઈઓને મળતા ગયા તેમતેમ સમાજ સંગઠન અને પ્રવાસ માટેની તેમની ઉત્કંઠા વધારે ને વધારે વધતી ગઈ. બીજો પ્રવાસ સૌરાષ્ટ્રના ભાવનગર, જામનગર અને રાજકોટનો ગોઠવાયો. ભાવનગર ખાતે ડૉ.નરેશભાઈ સુચકની હોસ્પિટલ પર સરસ મજાની સમાજલક્ષી બેઠક થઈ. જામનગર લોહાણા મહાજનવાડી ખાતે ત્યાંના ખૂબ જ ઉત્સાહી પ્રમુખશ્રી જીતુભાઈ લાલ અને મહાજનના તમામ કારોબારી સભ્યો સાથે પ્રેરણાદાયી વિચારગોષ્ઠી થઈ. રાજકોટ જલારામ હોસ્પિટલ ખાતે રાજકોટના સર્વશ્રી રાકેશભાઈ રાજદેવ, દિવ્યેશભાઈ રાજદેવ તેમજ રાજકોટના લોકપ્રિય મેયર જનકભાઈ કોટક સહિત અંદાજે ૧૫૦ (દોઢસો) જેટલા આગેવાનોની ઉપસ્થિતિમાંરચનાત્મક અને હકારાત્મક ચર્ચાઓ થઈ અને મીટીંગ સફળ રહી. રાજકોટ ખાતેની મીટીંગમાંવાંકાનેર, તલાલા, મોરબી, ધાંગધ્રા, જેતપુર, કોડીનાર, વીરપુર, રાજકોટ, ધોરાજી, ઉપલેટા સહિત વિવિધ મહાજનોના પ્રતિનિધિઓ તેમજ આગેવાનો ઉપસ્થિત રહયા. આ પ્રવાસમાંમહામંત્રી શ્રી ભગવાનદાસ બંધુ, ગુજરાત એકમ લોહાણા મહાપરિષદના મંત્રી શ્રી મુકેશભાઈ ઠકકર તેમજ કાર્યાલય મંત્રી શ્રી હર્ષદભાઈ કારીયા પણ જોડાયા.

જેમ જેમ પ્રવાસ આગળ વધતો ગયો તેમ તેમ પ્રમુખશ્રી ઉમંગભાઈ ઠકકર સહિત સમગ્ર ટીમનો ઉત્સાહ પણ બેવડાતો ગયો. તૃતિય પ્રવાસમાંકચ્છની મુલાકાત લેવાનુંનકકી થયુંઅને સમગ્ર ટીમ ગાંધીધામ પહોંચી. અંજારના ધારાસભ્ય શ્રીમતિ નીમાબેન આચાર્ય અને ડૉ.ભાવેશભાઈ આચાર્યની મહેમાનગતિ કાયમી સંભારણુંબની રહી. ગાંધીધામ ખાતે આદીપુર, સામખ્યાળી, અંજાર, રાપર, ગાંધીધામ, ભચાઉ સહિત વિવિધ મહાજનોના પ્રતિનિધિઓની બેઠક ગાંધીધામ લોહાણા મહાજનવાડી ખાતે સફળતાપૂર્વક સંપન્ન થઈ. આ મીટીંગમાંમાંડવીના શ્રી હરેશભાઈ ગણાત્રા, ગાંધીધામ મહાજનના પ્રમુખશ્રી અજીતભાઈ, અગ્રણી શ્રી મોહનભાઈ ધારસીભાઈ. અંજારના ધારાસભ્ય શ્રીમતિ નીમાબેન આચાર્ય, અંજારના અગ્રણી શ્રી વસંતભાઈ કોડરાણી સહિત અનેક સમાજ આગેવાનોએ પોતાના પ્રવચનો થકી સમાજ સંગઠન માટે સમર્પિત થવા હાકલ કરી. બીજા દિવસે ભૂજ ખાતે ત્યાંના મહાજન પ્રમુખ અને ભૂજના મેયર શ્રી નરેન્દ્રભાઈ ઠકકર, માધાપરના શ્રી શશીકાન્તભાઈ ઠકકર, માંડવીના શ્રી હરેશભાઈ ગણાત્રા, ભૂજના શ્રી શશીકાન્તભાઈ ઠકકર (સ્વીટુભાઈ) અને શ્રી રઘુરામભાઈ શીવરામભાઈ ઠકકર સહિત વિવિધ આગેવાનોની નિશ્રામાંભૂજ ખાતે ભૂજ તેમજ આજુબાજુના મહાજનોના પ્રતિનિધિઓની એક ફળદાયી બેઠક થઈ. આ બેઠકમાંમહિલાઓ અને યુવાનોની સંખ્યા ધ્યાન ખેંચે તેવી હતી. બધાનો સુર એકતા માટેનો હતો એટલે શ્રી ઉમંગભાઈ ઠકકર અને તેમની ટીમને પણ જબરજસ્ત પ્રોત્સાહન મળ્યું. ભૂજથી સાંજના સૌ મોરબી પહોંચ્યા. મોરબી ખાતે હળવદ, ધાંગધ્રા, ચોટીલા, થાન તેમજ મોરબી સહિત વિવિધ મહાજનોની સફળતાપૂર્ણ મીટીંગ થઈ. અખિલ ગુજરાત લોહાણા સમાજના નવા વરાયેલા પ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠકકરનુંસાસરીગામ મોરબી એટલે તેમનાં ધર્મપત્ની શ્રીમતિ રીટાબેન ઠકકર પણ મોરબી ખાતે ખાસ ઉપસ્થિત રહયાં. મોરબીની મીટીંગમાંપણ યુવાનો અને મહિલાઓની સંખ્યા ખૂબ સારા પ્રમાણમાંહતી.



ચતુર્થ પ્રવાસમાંમધ્ય ગુજરાતમાંવડોદરા અને આણંદને આવરી લેવાયાં. વડોદરા ખાતે સર્વશ્રી મગનભાઈ રૂપારેલ, શ્રી ઠાકોરભાઈ ઠકકર,શ્રી હીરાભાઈ સોઢા, શ્રી સુનિલભાઈ જીવણ, શ્રી મહેશભાઈ નાગ્રેચા, શ્રીમતિ જયાબેન ઠકકર (પૂર્વ સાંસદ), શ્રી કે.ડી.રૂપારેલ, શ્રી ધર્મેન્દ્રભાઈ ઠકકર, શ્રીમતિ ધીરુબેન નાગ્રેચા, શ્રી દિનેશભાઈ ઠકકર (તંત્રીશ્રી, દુનિયા લોહાણાની) વિગેરેના નિષ્ઠાપૂર્વકના પ્રયત્નોને લીધે મીટીંગમાંખૂબ સારી સંખ્યા રહી અને તેમાંપણ મહિલાઓની સંખ્યા પચાસ ટકા જેટલી હતી. મેઘરાજાની હાજરીમાંવડોદરા ખાતેની મીટીંગ ખૂબ જ ફળદાયી રહી. વડોદરાની મીટીંગ પૂર્ણ કરી કાઠીયાવાડી ભોજનનો સ્વાદ માણી સમગ્ર ટીમ મોડી રાત્રે આણંદ લોહાણા મહાજનવાડી ખાતે પહોંચી ત્યારે પણ ખૂબ સારી સંખ્યામાંઆગેવાનો તેમજ સમાજના ભાઈ બહેનો ઉપસ્થિત હતાં. આણંદના સર્વશ્રી ધીરેનભાઈ ઠકકર, શ્રી પ્રવિણભાઈ ઠકકર, શ્રી હસમુખભાઈ કારીયા, શ્રી અતુલભાઈ પાવાગઢી સહિતના અનેક કર્મઠ આગેવાનોની ઉપસ્થિતિમાંઆણંદની મીટીંગ પણ આનંદદાયી રહી. વડોદરા અને આણંદના પ્રવાસમાં જાણીતા ટ્રેનર શ્રી પરીક્ષિત જોબનપુત્રા, અમદાવાદના શ્રી જીતુભાઈ પુજારા, શ્રી કિર્તીભાઈ ઠકકર અને શ્રી ડૉ.ભાવદીપ ગણાત્રા પણ જોડાયા હતા. વડોદરા અને આણંદ ખાતે વિવિધ પ્રવચનોની સાથે સાથે શ્રી પરીક્ષિત જોબનપુત્રાનાંસમાજલક્ષી પ્રવચનો ખૂબ જ પ્રશંસનીય રહયાંહતાં.




પંચમ પ્રવાસમાંધોળકા, બાવળા, વિરમગામ તેમજ સાણંદ સહિત વિવિધ મહાજનોની મુલાકાત લેવામાંઆવી અને આ તમામ સ્થળોની બેઠકો ખૂબ જ ફળદાયી રહી. ધોળકા ખાતે મુરબ્બી શ્રી પોપટભાઈ ઠકકર, શ્રી નટુભાઈ ઠકકર, શ્રી સુરેભાઈ ઠકકર સહિત અનેક આગેવાનોએ બેઠક માટેની સુંદર વ્યવસ્થા લોહાણા મહાજનવાડી ખાતે કરી હતી અને આ મીટીંગમાંયુવાનો અને બહેનો પણ ખૂબ સારી સંખ્યામાંહાજર હતાં.ધોળકાની મીટીંગ પૂર્ણ કરી સમગ્ર ટીમ બાવળા ખાતે પહોંચી જયાંપૂર્ણ સગવડ ધરાવતી લોહાણા મહાજનવાડીમાંમીટીંગ રાખવામાં આવી. બાવળા લોહાણા મહાજનના પ્રમુખ શ્રી રસીકભાઈ ઠકકર, શ્રી ઘનશ્યામભાઈ ઠકકર, શ્રી નટુભાઈ ઠકકર, શ્રી અરુણભાઈ ઠકકર, શ્રી હસમુખભાઈ મિરાણી, શ્રી વૈકુંઠભાઈ ગોપાણી સહિત અંદાજે ૨૦૦ જેટલા સમાજના ભાઈઓની ઉપસ્થિતિમાંસંગઠન માટે ફળદાયી ચર્ચા થતાંબાવળાની મીટીંગ ખૂબ જ સફળ રહી. વિરમગામ ખાતે મહાજન પ્રમુખશ્રી પ્રભુભાઈ ઠકકર સહિત વિવિધ આગેવાનોએ લોહાણા મહાજનવાડી ખાતે મીટીંગ તેમજ ભોજન માટેની




સુંદર વ્યવસ્થા કરી હતી અને આ મીટીંગમાંપણ ખૂબ સારી સંખ્યામાંસમાજના ભાઈબહેનો ઉપસ્થિત રહયા હતાં. વિરમગામની મીટીંગ પૂર્ણ કરી મોડી રાત્રે અમે સૌ સાણંદ પહોંચ્યા ત્યારે પણ શ્રી રમેશભાઈ ઠકકર તેમજ શ્રી કમલેશભાઈ ઠકકર સહિત સૌ આગેવાનોએ મીટીંગ માટેની સુચારુ વ્યવસ્થા જલારામ મંદિર ખાતે કરી હતી. સાણંદ ખાતે સુંદરકાંડનુંપણ દિવ્ય આયોજન કરાયુંહતું. અંદાજે ૨૫૦ જેટલા ભાઈ બહેનોની ઉપસ્થિતિમાંસાણંદની મીટીંગ ખૂબ જ ફળદાયી રહી હતી. આ પ્રવાસમાં લોહાણા મહાપરિષદના મુખપત્ર શ્રી રઘુકુળ વિશ્વના સહ સંપાદક અને જાણીતા સમાજ સેવક ઉત્તર ગુજરાત લોહાણા પરિવારના સક્રિય મંત્રીશ્રી હર્ષદરાય ઠકકર પણ જોડાયા હતા.

ષષ્ટમ પ્રવાસમાંગાંધીનગર ખાતે ગાંધીનગર, અમદાવાદ પૂર્વ, પ્રાંતિજ, તલોદ, દહેગામ, બોપલ, ઓઢવ, કડી, કલોલ, ખેડબ્રહમા, પેથાપુર, હિંમતનગર સહિત વિવિધ મહાજનોના અગ્રણીઓને ગાંધીનગર જલારામ મંદિર ખાતે મળવાનુંથયું. ગાંધીનગર જલારામ સેવા સમાજના સર્વશ્રી અમૃતભાઈ ચંદન, શ્રી જીતેન્દ્રભાઈ સેજાણી, શ્રી અરવિંદભાઈ આર.ઠકકર, શ્રી વિનોદભાઈ તન્ના, શ્રી રમેશભાઈ પુજારા, શ્રી મયુરભાઈ ઠકકર, શ્રીમતિ જશુબેન ઠકકર, શ્રીમતિ ગીતાબેન સેજાણી સહિત તમામ આગેવાનોએ ચર્ચામાંભાગ લઈ સમગ્ર મીટીંગ ખૂબ જ સફળ બનાવી તેમજ પ્રસંશનીય કામગીરી પણ કરી. ગાંધીનગર ખાતેની મીટીંગમાં પ્રમુખશ્રી ઉમંગભાઈ ઠકકર સાથે મહામંત્રીશ્રી ભગવાનદાસ બંધુ, ગુજરાત એકમ લોહાણા મહાપરિષદના મંત્રીશ્રી મુકેશભાઈ ઠકકર, કાર્યાલય મંત્રીશ્રી હર્ષદભાઈ કારીયા, અમદાવાદના શ્રી ભુપેન્દ્રભાઈ ઠકકર,શ્રીમતિ હંસાબેન ઠકકર, શ્રી કિર્તીભાઈ ઠકકર, શ્રીમતિ પારૂલબેન ઠકકર, શ્રીમતિ રીટાબેન બી.ઠકકર, શ્રી ભરતભાઈ માવાણી સહિત વિવિધ આગેવાનો જોડાયા હતા.

રઘુવંશી લોહાણા મહાજનો સાથેની મુલાકાત પછી પ્રમુખશ્રી ઉમંગભાઈ ઠકકરે યુવાનો સાથે તેમજ અમદાવાદની વિવિધ રઘુવંશી સેવાભાવી સંસ્થાઓ સાથે પણ મહત્વની બેઠકો કરી હતી. તા.૭/૧૦/૨૦૧૨ ના રોજ વિસનગર ખાતે વિસનગર જલારામ ધામ અને વિસનગર લોહાણા મહાજનના આમંત્રણને માન આપી ઉત્તર ગુજરાતનાંતમામ રઘુવંશી લોહાણા મહાજનોના પ્રતિનિધિઓ પધારેલ તેમની સાથે પણ શ્રી ઉમંગભાઈ ઠકકરે વિચાર વિમર્શ કરેલ. શ્રી લોહાણા મહાપરિષદ હીરક મહોત્સવ ૨૦૧૨ નિમિતે આગામી જાન્યુઆરી ૨૦૧૩ માં અમદાવાદ ખાતે મળનાર લોહાણા મહા અધિવેશનની મુખ્ય યજમાનની જવાબદારી પણ અખિલ ગુજરાત લોહાણા સમાજના પ્રમુખશ્રી ઉમંગભાઈ ઠકકર તેમજ તેમની ટીમના શિરે છે ત્યારે અખિલ ગુજરાત લોહાણા સમાજનુંસંગઠન વધારે મજબૂત બને તે પણ ખૂબ જ જરૂરી છે. શ્રી ઉમંગભાઈ ઠકકર અને તેમની ટીમ જયાં જયાંગઈ ત્યાંત્યાંભરપૂર આવકાર પણ મળ્યો અને સમાજજનોમાંસંગઠનની જે ભાવના પડેલી છે તેનાંપણ દર્શન થયાં. રઘુવંશી લોહાણા સમાજમાં ડોકટરો, વકીલો, એન્જીનિયરો, ફાર્માસિસ્ટ, ઉધોગપતિઓ, મહિલાકાર્યકરો, શિક્ષકો, પ્રોફેસરો, બેન્કિંગ અધિકારીઓ, સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ, જાહેર જીવનના મહાનુભાવો, સ્વૈચ્છિક સંસ્થાઓના પધાધિકારીઓ સહિત ખૂબ મોટી શકિત પડેલી છે પણ આ બધાનુંસંકલન કરવા કોઈક ચોકકસ સંસ્થાની જરૂર છે. અખિલ ગુજરાત લોહાણા સમાજ આ બધા વચ્ચે સેતુ બનાવા માગે છે. કયાંક કશુંક જતુંકરીને પણ સમાજને માટે આવો આપણે સૌ થોડાક વધારે સક્રિય બનીએ. પત્રકાર વર્કશોપ અને લીડરશીપ વર્કશોપ થકી પણ શ્રી ઉમંગભાઈ ઠકકરે તેમની આગવી કાર્યશૈલીનાંદર્શન કરાવ્યાંહતાં. શ્રી ઉમંગભાઈ ઠકકર જેવા ખૂબ જ ઉત્સાહી, ઉદાર, ધર્મપ્રેમી, સમાજપ્રેમી અને દીર્ઘદષ્ટિ સંપન્ન પ્રમુખ શ્રી અખિલ ગુજરાત લોહાણા સમાજને જયારે મળ્યા છે ત્યારે સમગ્ર ગુજરાતનાંરઘુવંશી લોહાણા મહાજનો અને વિવિધ સેવાભાવી સંગઠનો આ સંસ્થા સાથે જોડાય અને ૨૦૧૨-૨૦૧૬ નાંચાર વર્ષ અતિ સફળ બનાવવામાંસૌ સહભાગી બને તેવી નમ્ર વિનંતી. જગતપિતા પરમકૃપાળુ પરમાત્મા, શ્રી રામચંદ્રજી ભગવાન, શ્રી સ્વામી નારાયણ ભગવાન, શ્રી દરિયાલાલ દાદા, શ્રી વીરદાદા જસરાજ, શ્રી ભાણ સાહેબ તેમજ પૂજયશ્રી જલારામબાપા સહિત અનેક દેવી દેવતાઓ અને સંતો મહંતોના આર્શિવાદ આપણા સૌ ઉપર ઉતરે અને આપણને જે કંઈ શકિત પ્રાપ્ત થઈ છે તેનો સમાજ હિતાર્થે અને દેશહિતાર્થે સદઉપયોગ થાય તેવી કુદરતને પ્રાર્થના. આવો આપણે સૌ સાથે મળી નાનામોટાંવાદવિવાદ મીટાવી, ભૂલોને વિસરી જઈ સાથે મળી નવી પેઢી માટે કંઈક એવુંરચનાત્મક કરીએ જેથી પરમાત્મા પણ રાજી થાય અને આ પૃથ્વી ઉપર આવ્યાનો આપણો ફેરો પણ સાર્થક થાય.

***ધર્મદેવ ઈન્ફ્રાસ્ટ્રકચર લિમીટેડ તથા નીલકંઠ ગ્રુપ ઓફ હોટલ્સના તમામસ્ટાફ ભાઈઓ-બહેનો દ્વારા આ સમગ્ર આયોજનને પાર પાડવા માટે અથાગ મહેનત કરીને પ્રશંસનીય કામગીરી બજાવેલ છે જે બદલ અમો તેમના આભારી છીએ.***

## રઘુવંશીઓનો સંક્ષિપ્ત ઇતિહાસ

દિવ્યેશભાઈ રાજદેવ (રાજકોટ)
રાકેશભાઈ રાજદેવ (રાજકોટ)

લોહરાણા (લોહાણા) રઘુવંશી ગણાય. વેદકાળના ઉત્તરાર્ધમાં સૂર્યવંશી ક્ષત્રિય ઈક્ષ્વાકુ મનુએ ભારતની સ્થાપના કરી એ પછી ૫૪ મી પેઢીએ રામઅયોધ્યાના રાજા તરીકે આવ્યા. રામની આજ્ઞાથી ભરતે એ વખતે કંદહાર તરીકે ઓળખાતા ગંધારના ગાંધર્વોને હરાવીને ત્યાં તક્ષશિલા અને પુષ્કલપુર એમબે નગર વસાવ્યા. પોતાના પુત્રો યક્ષ અને પુષ્કલને તક્ષશિલા અને પુષ્કલપુરનું રાજ સોંપીને ભરત પાછા અયોધ્યા ચાલ્યા ગયા. આમાંથી પુષ્કલના વંશજ કપિલરાજે કપીશા (પાછળથી કાબુલ) શહેરો વસાવ્યું. પુષ્કલપુર અત્યારે પેશાવર તરીકે ઓળખાય છે. કપિલરાજે કંબોજમાં સમરમંદ અને બુખારા શહેરો વસાવ્યા. દાયકાઓ પછી ગાંધાર (હાલ અફઘાનિસ્તાન) માં રઘુવંશી ક્ષત્રિયોના જુદા જુદા રઘુરાણા અમલમાં આવ્યા.

કપિલરાજના વંશજ પૌરસરાજ પર ગ્રીક સૈનિકોએ ચઢાઈ કરી પૌરસરાજે વિશ્વ વિજેતા બનવાના સ્વપ્ન સેવનાર ગ્રીક સિકંદરને પરાજયના કાળા કલંક ઓઢાડી મહાકાળની અઘોર ગુફામાં પોઢાડી દીધેલ. પકડાયેલ ગ્રીક સૈનકો સાથે એમણે માનવતાપૂર્ણ વ્યવહાર કર્યો. ગ્રીક સૈનિકોને તેમના દેશમાં જવા માટે રજા આપવા છતાં તેઓ પૌરસરાજ્યમાં રહી પડ્યા અને પૌરસ સૈન્યમાં જોડાઈ ગયા. (પૌરસરાજે એમને રઘુવંશી કન્યાઓ સાથે પરણાવ્યા આ ગ્રીક સૈનિકો અને રઘુવંશી કન્યાઓની પ્રજા એટલે ભાનુશાળી ભણશાળી લોહરાણાઓ એવું ઈતિહાસ કહે છે.)

એ પછી સમરકંદ - બુખારાના રાજવી તરીકે આવેલા અમરસિંહને બૌદ્ધ ધર્મમાં રસ પડ્યો. અમરસિંહના લગ્ન ચીનની રાજકુંવરી સાથે થયા. ચીનના રાજા મરી જતા તેમને કોઈ પુત્ર ન હોવાને કારણે અમરસિંહના હાથમાં ચીનની સત્તા આવી પડી. એ પછી અમરસિંહના વંશજો ચીનની સત્તા જાળવી શક્યા નહીં. રઘુરાણા રાજ્યો લેહ પર્વતમાળા પૂરતા સીમિત રહ્યા.

અખંડભારત - ભારતખંડની વાયવ્ય ઉત્તરી સરહદી હિમાચ્છિત ગિરિ શિખરોમાં વ્યાપ્ત રઘુ ક્ષત્રિય રાજ્યો પર પરદેશી મુસ્લિમસલ્તનતોના યુદ્ધ છાપાઓ પડતા. કાન્યકુબ્જના સમરકંદ, તાસ્કંદ, બુખારા ગુમાવ્યા. ઉત્તર પ્રદેશ પરાસ્ત થઈ ઈરાક, ઈરાન બન્યા. કપીશાએ કાબુલ ઈસ્લામી નામધારણ કરી અસ્તિત્વમાં આવ્યું. ઉત્તર કહોરાળા અફઘાન બની ચૂક્યું.

એક પછી એક સરહદી શહેરો - પ્રદેશો પરાસ્ત બનતાં રાષ્ટ્રની કિલ્લેબંધી વધુ મજબૂત બનાવવા લેહ-લદાખથી સિંધુના ઉત્તર કિનારે ફેલાયેલી દક્ષિણે આવતી લેહ પર્વતમાળાના તળેટી મેદાનમાં એક નવા પાટનગરની રચના કરી. આ પાટનગરને લોહરકોટ નામ આપ્યું. સમરકંદ બુખારાના રઘુરાજ્યનું નામલોહરપ્રદેશ થયું. લોહરપ્રદેશમાં ૨૪ રાણા રાજ્યો હતા.

મધ્યકાલીન યુગમાં ચંદ્રવંશી રાજગાદી પર આરૂઢ થતાં "રાજા" નું બિરૂદ પામતા. જ્યારે સૂર્યવંશી રઘુરાજા રાજ્યારોહણમાં "રાણા" નું બિરૂદ મેળવવા હોવાથી લોહરપ્રદેશના રાણા "લોહરાણા" નામે અસ્તિત્વમાં આવેલા. આમ, મૂળ સૂર્યવંશીના ક્ષત્રિયો - રઘુ ક્ષત્રિયો, મધ્યકાલિન યુગની શરૂઆતમાં લોહરાણા નામે ઓળખાતા.

ઈ.સ. ૭૯૦ ની સાલમાં લોહરાણાઓએ મુસ્લિમો સાથે લડાઈમાં કપિશા ગુમાવ્યું. પછી કપીશાને કાબુલ નામઆપ્યું. ત્યારથી માંડીને અગિયારમી સદી સુધી લોહરાણાઓ અને મુસ્લિમો વચ્ચે યુદ્ધ ખેલાતાં રહ્યાં. ઈસ. ૧૦૦૧ માં મહંમદ ગઝનીના બાપ સબકતગીને લોહર-કોટ પર ભયંકર ચઢાઈ કરી ત્યારે લોહરાણાઓએ મારી હટાવેલા, એ પછી ઈ.સ. ૧૩૦૩ માં લોહરકોટના રાણા હરપાલના ભાણેજ વચ્છરાજે સાલારશાહ મસૂદ નામના મુસ્લિમબાદશાહને મારી હરાવેલ. વચ્છરાજે રણ મેદાનમાં ઘવાયેલા સૈનિકોની સારવાર શરૂ કરાવી. રણ મેદાનમાં વચ્છરાજ ઊભા હતા ત્યારે એક કુતરુ આવીને તેમને કરડ્યું. એ હડકાયું કુતરુ છે, તેવી ખબર પડતાં વચ્છરાજે પોતાની કટાર કાઢીને તેટલો ભાગ કાંપી નાંખવા માટે હાથ ઉપાડ્યો પણ બાજુમાં ઉભેલા એક સરદારે એમને ચેતવ્યા કે કટાર ઝેર પાવેલી છે. વચ્છરાજે બટકુ ભરીને પગની પીન્ડી કાપીને ફેંકી દીધી ઘવાયેલા પઠાણો આ માણસની બહાદુરીથી પ્રભાવિત થયા. પઠાણો અત્યારે વચ્છરાજને દેવ માની પૂજે છે. આ વચ્છરાજાના મૃત્યુ પછી કુતરૂ કરડે ત્યારે લોકો એમના સ્થાનકે જવા માંડ્યા વચ્છરાજાનું અમુક સમયે અપભ્રંશ થતાં "વાછડાડાડા" નામથયું.

ઈ.સ. ૧૦૪૪માં રઘુવંશીના જયેષ્ઠભાઈ વચ્છરાજની ઈચ્છાથી કુમાર જશરાજનો સોળ વર્ષની વયે લાહોરકોટના રઘુરાણા તરીકે રાજ્યાભિષેક થયો. કેસરીયા સૂર્યવંશધ્વજ સમક્ષ રાજદંડ ધારણ કરી ભારતના સીમા રાજ્ય તરીકે પ્રજા રાજ્ય જાહેર કર્યુ. રાજ્યભિષેક સમારોહમાં આવેલા ભારતના રઘુવંશી રાજાઓને તેમના પિતૃઓની શહાદતોનું સ્મરણ કરાવી આંતરકલેશ દૂર કરી એકત્ર કર્યા. આંતરકલેશ ચાલુ રાખવા સામે ભાવી આગાહી પણ રાજ દરબારમાં સંભળાવી કે ભારતને આંતરકલેશ સમગ્ર ભારતને મલેચ્છ મુસ્લિમસત્તાના ગુલામબનાવશે.

લોહરકોટના નવા પરાક્રમી મહારાજ જશરાજને ખત્મકરવા કાબુલ (કપિશા) ના જલાલે અનેક દાવપેચ ખેલ્યા તે બધા નિષ્ફળ જતાં તેમને જીવતા કે મુવા પકડી લાવનારને દસ લાખ અશરફીનું ઈનામજાહેર કરેલ. વીર જશરાજે તેમના શોર્યને કારણે શાહીવાઘ તરીકે ઓળખાયા અને મલેચ્છ પ્રજા તેમનું નામસાંભળતા ભયભીત બનતી.

મોગલપ્રદેશનો મોગલશાહ ચંગીઝખાન વિશ્વ સામ્રાજ્યના સ્વપ્ન સાકાર કરવા અશ્વ પર સિંધુ નદી પાર કરી મુલતાનના ઠાકુરોને ખત્મકરવા કાબુલ થઈ ખૈબરઘાટ અને બોલોનઘારીના માર્ગે આગળ વધ્યો. વીર જશરાજે ચંગીઝખાનને પરાસ્ત કરી તેના શબને મુલતાનના લાતુર દરવાજા બહાર કબ્રનીશ કરી શોર્યના દર્શન કરાવેલ. વીર જશરાજે અલ્પ જીવનકાળમાં લોહરાણા (લોહાણા) ઓએ ગુમાવેલ કપિશા (કાબુલ) પર ભગવો ધ્વજ ફરકાવી વિજય પતાંકા ફેલાવી હતી.

ઈ.સ. ૧૦૫૮ માં લોહારવંશના છેલ્લા પરાક્રમી મહારાજ વીર જશરાજ હજુ તો કુમારાવસ્થામાં હતાં અને લગ્નના માંડવ. મીંઢળ બંધાવી પરણવા બેઠા હતા તે વખતે અનેક વખત હારી ચૂકેલા મલેચ્છ મુસ્લિમઆક્રમણકારોએ કપટથી આક્રમણ કર્યુ દુશ્મનો ગાયને આગળ રાખી લડતા હતા. સેનાપતિ સિંધુદેવ શર્માએ કુમાર વીર જશરાજને અજ્ઞાત રાખીને હુમલાને ખાળવા ઉપડ્યા. પરંતુ સામે હથિયાર છોડવાથી ગૌહત્યા થાય તે વિચારે સૈન્યને ભારે ખુવારી વેઠી આગળ વધ્યું અને દુશ્મનોના છક્કા છોડાવ્યા. સૈન્યની ભારી ખુવારી અને સિંધુદેવ શર્માના બલિદાનની કુમાર જશરાજને લગ્ન મંડપમાં જાણ થતાં પોખાંતી વખતે જ તેમણે મીંઢળ બાંધ્યા હાથમાં તલવાર અને ભાલો લીધા અને આક્રમણકારોને મારી ભગાડી મૂક્યા. પરંતુ ફરીથી દગો થયો વીર જશરાજને ઉત્તરકોટના લોહરી દરવાજા પાસે વધાવતા હતા ત્યારે હિન્દુ પોષાકમાં મલેચ્છ સૈનિકોએ તેમને વધાવવાના બ્હાને ધડ ઉપરથી માથું ઉતારી લીધું. સેનાનીઓએ દગાખોર મલેચ્છોને તુરત જ મારી હટાવી દીધા છતાં પંચકલ્યાણી દેવાંગી અશ્વ પર વરરાજા જશરાજનું ધડ યુદ્ધ ખેલી રહ્યુ હતું. લોહરાણા સામંત સરદારોએ વરરાજા જશરાજને અશ્વ પકડી દાદાના ધડ પાસે પ્રતિજ્ઞા લઈ પાણી આપ્યું કે દાદા તમે સદ્ગતિ પામો. તમારા લગ્ન ખંડિતતાનું શોકચિહ્ન અમો અમારા વંશ, વારસો લગ્નમાં સદાકાળ અમર રાખીશું. સાંગને સાક્ષીભૂત રાખવા લગ્નમાં સામેલું રાખીશું, વર-વહુને વરઘોડિયા નામે બોલાવશે તથા તમારી શહીદીને ક્યારેય વિસરવા દેશું નહીં.

લોહર પ્રદેશ ગુમાવ્યા પછી લોહરપ્રદેશ ફરી આબાદ ન થયો. કેટલાક પોતાનો ધર્મ બચાવવા સ્થળાંતર કરી ગયા. લોહર પ્રદેશમાંથી ભાગેલા લોહરાણાઓ સિંધ, કચ્છ અને સૌરાષ્ટ્રમાં ગયા. ત્યાં તેમણે જુદા જુદા વ્યવસાયો અપનાવવા માંડ્યાં. ઈ.સ. ૧૪૫૧ મા અમુક લોહરાણાઓએ મુસ્લિમધર્મને અપનાવ્યો. આજે મોમીન અને ખોજાઓમાં લોહરાણાઓની રાજા, લાખાણી, ઠક્કર જેવી અટકો પ્રચલિત છે.

લોહર પ્રદેશના મીરા વિસ્તારના મેરા લોહર ધર્મને ખાતર ઝઝૂમ્યાં. તેઓએ મુસ્લિમધર્મ નહોતો ખપતો એટલે કાઠિયાવાડના બરડા ડુંગરમાં આવીને વસ્યા. તેમણે ખેતી અને પશુપાલનનો વ્યવસાય અપનાવ્યો. પાછળથી તેમની કોમમેર કોમતરીકે ઓળખાવા લાગી. મેર, મેમણ, ઓજા ઉપરાંત ખત્રી, સોઢા, રાજપુત અનેક ફાંટા પડ્યા. રાજપૂતો પણ લોહરાણાના વંશજો હોવાનું ઈતિહાસ કહે છે.

૧૪૩૯ની સાલમાં લોહરાણા કાલિચરણ ચંદરાણાના ઘરે બાળકનો જન્મથયો. એણે ગુરૂનાનક તરીકે દુનિયામાં નામકાઢ્યું. સિંધીઓ અને લોહરાણામાંના પૂર્વજો એક જ હતા.

લોહરપ્રદેશના વિજય બાદ દુશ્મનોએ લોહરાણાઓના તમામગ્રંથો બાળી નાખતા ભારતમાં લોહરાણા (લોહાણા) ના ઈતિહાસ અંગે કોઈ વિગત મળી નથી. વિદેશી ગ્રંથોમાંથી વિગતો સુલભ ન હોવાથી આજે મોટાભાગના લોહરાણાઓ પણ પોતાના ઈતિહાસથી અપરિચિત છે.

સ્વામિવિવેકાનંદના શબ્દોમાં "જે ભારતના ભવ્ય ભૂતકાળ ઘરે ઘરે પહોંચાડશે એ રાષ્ટ્રનો સાચો સેવક કહેવાશે." ઉક્ત શબ્દોને ઝીલી લોહાણા સમાજની ભાવિ પેઢી સુધી પૂર્વજોના પરાક્રમો અને વિરતાની કથાઓ પહોંચાડી સમગ્ર લોહાણાવંશના ભવ્ય ઈતિહાસને પુન:જીવિત કરી નવચૈતન્યનો સંચાર કરવાનો આ લેખથી પ્રયત્ન કરવામાં આવેલ છે.



## લવથી શરૂ થયેલી સફર ઇતિહાસને પાને....

કનુભાઈ આચાર્ય

### લોહાણા વંશના આદ્ય પુરુષ મહારાજ લવ...

લવથી શરૂ થયેલી લોહાણા જ્ઞાતિની યાત્રા અદ્યાપિ પર્યન્ત ચાલુ છે.

હિન્દુ ધર્મના આરાધ્ય દેવ અને વિષ્ણુના અવતાર તરીકે પ્રસિદ્ધ અયોધ્યાના રાજા રામના બે પુત્રો. લવ અને કુશ. રામે પોતાના મોટા પુત્ર કુશને કૌશલ દેશનાં કુશાવતી નગરી અને નાના પુત્ર લવને ઉત્તરમાં પંજાબનું રાજ્ય આપ્યું હતું. પરંતુ લવ પંજાબમાં જાય તે પહેલાં તેને શ્રીવાસ્તવીમાં જઈને રહેવાનો આદેશ મળતાં, લવે ત્યાં જઈને શાસન શરૂ કર્યુ. જોકે પાછળથી લવે ઉત્તર પંજાબમાં લવપુરી નગરી સ્થાપી અને આ ભવ્ય નગરીને પાછળથી 'લવાલકા' - એટલે કે - લવની અલકાનગરી એવું અલંકારિક નામઅપાયું.

મહારાજા લવને બે પત્નીઓ હતી. જેમાં એકનું નામસુમતિ અને બીજીનું નામકંજાનના હતું. આ બે પત્નીઓથી લવને પાંચ પુત્રો થયા હતા. તેમની પેઢીઓ આગળ ચાલી. આ વંશની અનેક શાખાઓ - પ્રશાખાઓ ચાલી. જેમાં મુખ્ય વંશ તરીકે લવરાણાઓએ લવવંશનો કીર્તિધ્વજ ફરકાવ્યો.

લવના કેટલાક વંશજોએ બૌદ્ધ ધર્મનો અંગીકાર કરેલો અને કેટલાંકે વૈદિક ધર્મના ચુસ્ત અનુયાયી તરીકે બૌદ્ધોનો સંહાર પણ કરેલો. લવનો એક વંશજ પ્રસેનજીત તિબેટના રાજાનો પ્રથમપૂર્વજ હતો. એ જ પ્રમાણે નેપાળ અને સિયામમાં પણ લવવંશી રાજાઓનો ઉલ્લેખ મળે છે. હોલેન્ડ ટાઈમ્સમાં બૌદ્ધ ભિક્ષુ ઉત્તમાએ લખેલું કે - નેપાળના રાણા લવવંશી ક્ષત્રિયો છે.

રાજસ્થાનનો ઈતિહાસ લખનાર કર્નલ ટોડ જણાવે છે કે - લવના એક વંશજ વજાનામનો પુત્ર મહારથી થયો. મહારથી પછી અતિરથી, એ પછી અચલસેન અને તેની ૯મી પેઢીએ કનકસેન નામનો રાજવી થયો. આ કનકસેન લાહોરમાંથી નીકળીને ઈ.સ. ૧૪૫ માં સૌરાષ્ટ્ર દ્વીપકલ્પમાં જઈને વસ્યો. ત્યાંથી 'આનર્ત' એટલે કે ઉત્તર ગુજરાતમાં તેણે વીરનગર - વડનગર નામનું નગર વસાવ્યું. તેની પેઢીમાં થઈ ગયેલા વિજયસેન નામના રાજાએ વિજ્યાપુર (જે હાલનું ધોળકા છે તે) વસાવ્યું. એ પછી તેના વંશજ ભટ્ટકે ઈ.સ. ૫૦૯ માં વલ્લભપુરમાં રાજ્ય સત્તા સ્થાપી. લવવંશી મહારાજા કનકસેનની આઠમી પેઢીએ શિલાદિત્ય થયો. આ રાજા વલ્લભીપુરમાં આવેલા પવિત્ર સૂર્યકુંડને લીધે અજેય ગણાતો હતો.

ઈ.સ. પૂર્વે ૫૮૪ માં થયેલા રાજા ઉદયનને નમાવવા માટે પડોશના ઈરાનના રાજા સાયરસે ખૂબ પ્રયત્નો કર્યા, પણ તેમાં ન ફાવતાં તેણે ઉદયન સાથે મૈત્રી કરી. રાજકીય સંબંધો બાંધ્યા અને રાજા ઉદયનને પોતાના દરબારમાં એલચી તરીકે નીમ્યો.

ચીની પ્રવાસી ફાહિયાન ઈ.સ. ૩૯૯ થી ૪૧૪ સુધી ભારતમાં રહ્યો હતો. તેણે પોતાના પ્રવાસ વર્ણનમાં લખ્યું છે કે - સિંધુ નદી તથા સુલેમાન પર્વત નામથી ઓળખાતા મધ્ય ભાગમાં એટલે કે તક દેશમાં લોહાણી નામક જાતિ હતી. તુટ - ફતહ - ઉલ્કીરામનામના સિંધના પ્રાચીન ઈતિહાસમાં જણાવ્યા પ્રમાણે સિંધમાં ત્રણ મુખ્ય જાતિઓ હતી - બનિયા, તક અને મુમિયા. આ ગ્રંથ જે મુસ્લિમકાળમાં લખાયો ત્યારે સિંધમાં લોહાણા - બનિયા તરીકે ઓળખાતા હતા. આ મુમિયા પણ તેમનો એક ભાગ હોઈ, પાછળથી ધર્માંતર કરતાં તેઓ મેમણો તરીકે ઓળખાયા. કાબુલના કપીશ પ્રાંતમાં પણ લોહર નામનું નગર હતું. ઈતિહાસકાર બર્ટન બલુચિસ્તાન, અફઘાનિસ્તાન અને મધ્ય એશિયાના પૂર્વ ભાગમાં પથરાયેલ લોહરાણાઓને એક સાહસિક પ્રજા ગણાવે છે. બોમ્બે ગેઝેટિયરમાં પણ લોહાણાઓનો અફઘાનિસ્તાનના લમ્પક સાથેનો ઉલ્લેખ છે. એ લામલોહરગઢ અગિયારમા સૈકા સુધી આર્યાવતનો દરવાજો ગણાતો હતો.

તિબેટના લામાઓના ઈતિહાસમાં રાણા સમરસિંહનો ઉલ્લેખ મળે છે. સિયામનું મૂળ નામશ્યામહતું. અને તેના રાજમહેલનું નામલોહશ્યામહતું. સિયામનો પાટવી કુંવર દેવવ્રત પિતાથી ઝગડો કરીને હોલેન્ડમાં જઈને વસ્યો. તેને લેવા માટે તેના પિતા કોટક તરફથી જે પ્રતિનિધિઓ આવ્યા તે વડાપ્રધાનના મહેમાન બન્યા હતા. તે સૂર્યવંશી લોહાણા વંશના છે...

કુશ્યાંગ નામના ચીની પ્રવાસીએ હિંદ અફઘાનિસ્તાનની સીમા પ્રાંતમાં લોહરી જાતિની બળવાન રાજાઓનાં રાજ્યોનો ઉલ્લેખ કર્યો હતો.

હિંદ અફઘાનિસ્તાન પ્રાંતમાં લોહાણાઓનું પ્રાબલ્ય ઓછું થતાં તેઓ સિંધમાં આવીને વસ્યા. મજમલ-ઉલ-તવારીખમાં જણાવ્યા મુજબ એ વખતે સિંધમાં ચાર પ્રાંતો હતા. ઝોર, અસ્કંલંદુઆ, સમી અને લોહાણા સિંધી ભાષા જુદી જુદી લિપીમાં લખાય છે, તેમાં એક ખુદાવાદી અથવા વાણી ખખ્ખર છે ને બીજી કહ્રાઈ છે. જેમાં બે વિભાગ છે - 'લોહાણા લિપિ' અને ભાટિયા લિપિ - આ કહ્રાઈ લિપિમાંથી - ઠહ્રા - ઠક્કુર, ઠક્કર ને ઠકરાર થયા.

સિકંદર જ્યારે ભારતમાં આવ્યો ત્યારે સિંધ અને પંજાબમાં લોહરાણાઓનાં અનેક નાનાં રાજ્યો હતાં. ઈસ્લામની સ્થાપના થયા પછી ઈ.સ. ૬૩૨ પછી વિશ્વભરમાં ઈસ્લામની સ્થાપના માટેનાં આક્રમણો થયાં. સિંધ ઉપર થયેલા આક્રમણ વખતે લોહર રાજ્યોએ લગભગ ચારસો વર્ષ સુધીએ આક્રમણનો સામનો કર્યો. એ કાળમાં છેલ્લો રાજા વીર જશરાજ થયો. એ પછી સરહદી પ્રદેશના લવવંશી લોહર રાજ્યનો અંત આવતાં, સરહદ પ્રદેશના ઘણા લોહાણાઓ પોતાનું સરહદી વતન છોડીને સિંધમાંથી મુલતાન આવ્યા. ત્યાંથી રોહરી, નગરઠઠ્ઠા વિગેરે હાથ કરી ત્યાં પોતાની સત્તા સ્થાપી. કેટલાક પારકરને માર્ગે વળી કચ્છ, રાધનપુરને વઢિયાર પ્રદેશમાં ગયા. ઘણા ત્યાંથી સૌરાષ્ટ્રમાં જઈને વસ્યા. અગિયારમી સદીમાં જૂનાગઢમાં રા'નવઘણે સિંધ ઉપર ચડાઈ કરી. ત્યાંથી પાછાં ફરતાં પોતાને મદદ કરનાર ઘણા લોહાણા અને ભાટિયાઓને તો જૂનાગઢ લઈ ગયો. જૂનાગઢથી આ લોહાણાઓ ગિર ને પછી બરડા પ્રદેશમાં વિસ્તર્યા...

કચ્છ, સૌરાષ્ટ્રના ઘણા લોહાણાઓ દીવાન બન્યા. એ પછી વૈશ્ય વૃત્તિ સ્વીકારી સાહસિક વેપારી બન્યા.
દરિયો ખેડ્યો... વિશ્વભરમાં પથરાયા...
આજે તો અનેક ક્ષેત્રોમાં લોહાણા સમાજ પોતાની આગવી પ્રતિભાથી આગળ વધી રહ્યો છે...



# રઘુવંશી લોહાણા સમાજનું મૂળ અને કુળ

**ધનવાનભાઈ કોટક (સૂરત)**
**કિશોરભાઈ વડેરા (ભજીયાવાળા) (સૂરત)**

રઘુને પોતાની જ્ઞાતિ સૂચક નામની આગળ વિશેષણ તરીકે લગાડીને આગવી આઈડેન્ટિટી (વિશેષ ઓળખ) ઊભી કરનાર રઘુવંશી લોહાણા સમાજ અયોધ્યાના રાજા રામના પુત્ર 'લવ' ઉપરથી જુદો પડેલો એક વંશ છે.

વિશ્વમાં ભાગ્યે જ કોઈ એવી જાતિ કે જ્ઞાતિ હશે કે જે હજારો વર્ષ પૂર્વે થઈ ગયેલા પોતાના મહાપરાક્રમી, ત્યાગી અને આદર્શ પુરુષને સાથે લઈને આમ સફર કરતી હોય !! રઘુવંશી લોહાણા સમાજનો ઈતિહાસ સૃષ્ટિના સર્જક બ્રહ્મા સુધી મળી આવે છે.

વાયુપુરાણમાં દર્શાવ્યા પ્રમાણે બ્રહ્માના પુત્રો મરીચી, અત્રિ, અંગિરા, પુલસ્ત્ય, પુલહ, ક્રતુ, પ્રચેતા, દક્ષ, વશિષ્ટ ભૃગુ અને નારદ.

જયેષ્ઠ મરીચીને કલા નામની પત્નીથી કશ્યપ નામનો પુત્ર થયો. કશ્યપને માહિતીથી વિવસ્તવાન સૂર્ય નામનો પુત્ર થયો. જેનું બીજું નામ વક્ષ્યમાણ છે. સૂર્યવંશનો તે મૂળપુરુષ ગણાય છે. વક્ષ્યમાણનો પુત્ર વૈવસ્ત મનુ થયો, જેણે વર્ણાશ્રમધર્મ સ્થિત કરી રાજ્ય અને સમાજ વ્યવસ્થાનો પાયો નાખ્યો. એ વૈવસ્ત મનુના પુત્ર ઈશ્વાકુના નામથી મુખ્ય સૂર્યવંશી રાજ્યવંશ આગળ ચાલ્યો. એ ઈશ્વાકુ - સૂર્યવંશમાં મનુની ૬૩મી પેઢીએ મહાપ્રતાપી રાજા રઘુ થયા.

સૂર્યવંશમાં અનેક મહાપ્રતાપી રાજાઓ થયા છે. જેમાં મનુની ૩૧ મી પેઢીએ થયેલો રાજા સત્યવ્રત કે જેના કલ્યાણ માટે વિશ્વામિત્ર ઋષિએ પોતાનું સમગ્ર તપોબળ અને અસ્તિત્વ દાવ ઉપર લગાવી દીધું હતું. ત્રિશંકુ નામે ઓળખાયેલા એ સત્યવ્રત રાજાનો પુત્ર સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર, હરિશ્ચંદ્રની દસમી પેઢીએ થયેલો રાજા સગર કે જેણે આગ્નેયાસ્ત્ર વિદ્યા પ્રાપ્ત કરી દિગ્વિજય થયો હતો. ગંગાને પૃથ્વી પર ઉતારવાનો પ્રયત્ન કરનાર અંશુમાન, દિલીપ અને રાજા ભગીરથ સૂર્યવંશનાં ઉજ્જવળ નામછે. મનુની ૫૦ મી અને ભગીરથની ચોથી પેઢીએ સિંધુદ્વીપ નામનો જ્ઞાની રાજા થયો. જે ઋગવેદ સુક્તનો મંત્ર દ્રષ્ટા-રાજર્ષિ તરીકે પ્રસિદ્ધ થયો. રાજર્ષિ સિંધુદ્વીપની ચોથી પેઢીએ થયેલા રાજવી સુદાસે રાવી નદી ઉપર પુલ બાંધી યદુ તથા તુર્વસુઓ સાથે યુદ્ધ કરીને તેમને પરાસ્ત કર્યા હતા.

સૂર્યવંશમાં મનુની ૬૨મી પેઢીએ દિલીપ નામનો રાજા થયો. તે પરમત્યાગશીલ ધર્માત્મા અને આત્મજ્ઞાની હતો. એ રાજાએ દેવોની વિનંતીથી દૈત્યોનો નાશ કર્યો. દેવોએ પ્રસન્ન થઈને તેને વરદાન માગવાનું કહ્યું, ત્યારે તેણે કહ્યું કે -

***આમનં પરમાત્માનિ યુયોજ*** - એટલે કે - આત્મસાક્ષાત્કારના આનંદ સામે અન્ય સર્વ સુખો મારા માટે તુચ્છ છે.

આર્યાવ્રતમાં ઉત્તમ, સદ્‌ગુણી અને વીર્યવાન તરીકે પંકાયેલા આ રાજાને સંતાન ન હતું, તેથી તેમણે કુલગુરુ વશિષ્ઠને વિનંતી કરી. વશિષ્ટજીના જણાવ્યા પ્રમાણે નંદીની નામની ગાયની સેવા કરતાં તે ગાયના આશીર્વાદથી તેમને પુત્ર જનમ્યો. તેનું નામ 'રઘુ' પાડવામાં આવ્યું.

ધનુર્વિધા તથા વેદ વિદ્યામાં પારંગત રઘુનો વિવાહ કરી તેને યુવરાજની પદવી આપવામાં આવી. દિલીપ રાજાએ સો અશ્વમેધ યજ્ઞ કરવાનો સંકલ્પ કર્યો હતો. તેમાંથી નવાણું યજ્ઞો પૂરા કરી તેમણે સોમો અશ્વમેધ યજ્ઞ શરૂ કર્યો અને યજ્ઞના ઘોડાનું રક્ષણ કરવા માટે રાજપુત્ર રઘુને ઘોડાની પાછળ મોકલ્યો. સોમા યજ્ઞે ઘોડો છૂટો મૂકવામાં આવ્યો, ત્યારે ઈન્દ્રને પોતાનું ઈન્દ્રપદ ગુમાવવાનો ભય લાગ્યો. ને તેથી ઘોડાને પક્ડયો. રઘુએ ઈન્દ્ર સાથે ભીષણ યુદ્ધ કર્યું. ઈન્દ્રના વજ્રનો પ્રહાર પણ રઘુને ડરાવી શક્યો નહીં, ત્યારે ઈન્દ્રે રઘુ ઉપર પ્રસન્ન થઈ રઘુને વરદાન આપ્યું કે - 'તારા પિતાનો યજ્ઞ તો પૂરો નહીં થાય, પણ યજ્ઞનું ફળ તને મળશે.'

રઘુએ રાજા બનતાં સમગ્ર આર્યાવ્રત અને બહારના ઘણા પ્રદેશોને જીતી લીધા. એ બધા રાજાઓ પાસેથી મેળવેલી સંપત્તિ લઈ અયોધ્યામાં આવી તેમણે 'વિશ્વજીત' નામનો યજ્ઞ કર્યો અને આ યજ્ઞમાં જીતેલી તમામસંપત્તિ આપી દઈને તેમણે એક પર્ણકુટિમાં નિવાસ કર્યો.

રઘુ ક્રિયાપદનો અર્થ ગમન કરનાર, પાર પામનાર થાય છે. રઘુવંશનો ઊર્જસ્વલ પ્રરોહ જે ચૈતન્યમાંથી પેદા થયો તે રઘુપ્રજ્ઞાવાન છે. રાજ્યના ભરપૂર ઐશ્વર્યને ક્ષણવારમાં એ ત્યાગી શકે છે ને પર્ણકુટિમાં રહે છે. કેવળ એક માટીનું પાત્ર તેમની સંપત્તિ છે. તે ધર્મ પરાયણ, કર્તવ્યનિષ્ઠ અને બાહ્ય - સ્થૂલ - રિદ્ધિ સિદ્ધિ કરતાં આત્મિક રિદ્ધિ ધરાવનાર છે. જીવનના મધ્યભાગમાં અને અંતે પણ તેઓ તપસ્વી જીવન ગાળે છે. તેમના મહાન ત્યાગને કારણે સૂર્યવંશની સાથે 'રઘુવંશ' શબ્દ આ કુળની સાથે જોડાયો.



રઘુના પુત્ર અજ અને અજના પુત્ર દશરથ રાજા થયા. દશરથ રાજાના પુત્ર રામજે સ્વયં વિષ્ણુનો અવતાર ગણાય છે અને સમસ્ત હિંદુ પ્રજાના આરાધ્ય દેવ છે. રામના પુત્ર 'લવ' ઉપરથી જે આખો વંશ ચાલ્યો તે લોહાણા...

ઈ.સ. પૂર્વે ૫૮૦ માં બિંબિસારે વિવિધ ધંધાધારી શ્રેણીઓ રચી. તેમાં ક્ષત્રિયોની ૧૮ શ્રેણીઓ રચાઈ. તેમાં લવ વંશની 'લવાન' નામની શ્રેણી રચાઈ. જેનું સમૂહગત ***લવાનામ*** સંસ્કૃત રૂપાંતર થયું. કાળક્રમે ***લવાનામ*** માંથી પ્રત્યય ઊડી જઈને અનુસ્વારના રૂપમાં લવાનાં થયું અને પછી 'ન' નો ણ્ થઈ જતાં લવાણા થયું. લવાણામાંથી લબાણા, લુહાણા વિગેરે અપ્રભંશરૂપે પ્રચલિત થઈ અંતે લોહરાણાને લોહાણા થયું. વર્ણાશ્રમનો વિસ્તાર વધતાં અવટંકો-અટકોનો ક્રમશરૂ થયો. શરૂઆતમાં પિતૃવંશવાચક અને સ્થળવાચક અટકોમાં પછી તો ગ્રામવાચક અને ધંધાવાચક એમઅનેક પ્રકારની અટકો ઉદ્‌ભવી અને અંતે જ્ઞાતિઓના ચોકઠામાં વધુ દૃઢિભૂત થઈ. લોહાણા જ્ઞાતિની ૮૪ જેટલી અવટંકો મળે છે. તેના ગોત્ર નામમાં થોડા અપવાદ સિવાય સર્વ નામો તેમના પૂર્વજોના છે. મહાભારત પ્રમાણે - વિશ્વામિત્ર, જમદગ્નિ, ભરદ્વાજ, ગૌતમ, અત્રિ, વશિષ્ટ અને કશ્યપ એ સપ્તર્ષિઓ અને આઠમા અગત્સ્યના અપત્યોને ગોત્ર સંજ્ઞા પ્રાપ્ત થયેલ છે. આ રીતે વંશ પ્રવર્તક ઋષિ અથવા મૂળ પુરુષને ગોત્ર પ્રવર્તક માનવામાં આવે છે.



# વિમા સુરક્ષા કવચ

**જીજ્ઞેશભાઈ વડેરા (સૂરત)**
**યુવા ટીમ પ્રમુખ**

## "ન જાણ્યું જાનકી નાથે સવારે શું, થવાનું છે......???



નરેશભાઈ ઠક્કર, ૯૮૨૫૧ ૩૩૮૨૫
પ્રતિકભાઈ ઠક્કર, ૯૯૨૫૩ ૩૧૧૩૩
કશ્યપભાઈ ગણાત્રા, ૯૮૨૫૨ ૨૧૬૬૮

આપણે તો "માનવી" પરમશક્તિનાં નિર્દેશ મુજબ સત્કાર્ય કરવા માટે એક નિમિત્ત માત્ર.

આજે જ્યારે જિંદગીનો કોઈ ભરોશો રહ્યો નથી. દરેક વસ્તુમાં મિલાવટને કારણે તેમજ અનિયમિત જીવનને કારણે અને સુપરફાસ્ટ જીવન શૈલીને કારણે અચાનક અકસ્માતે જ્યારે ઘરના મોભીને કમાઉ દિકરાને અથવા પરીવારનાં કોઈપણ સભ્યને ગુમાવવાનો સમય આવે છે ત્યારે સ્વાભાવીક જ પરીવારની આર્થીક વ્યવસ્થા ડામાડોળ થઈ જાય છે. પરીવારજનને ગુમાવવાનું દુઃખ તો અસહ્ય હોય જ છે, પરંતુ તેને સ્વીકાર્યા વગર કોઈ જ વિકલ્પ નથી...

**પરંતુ પરીવારની આર્થીક વ્યવસ્થા જળવાઈ રહે તે માટે વિકલ્પ છે..... વિમા સુરક્ષાનો.**

અખિલ ગુજરાત લોહાણા સમાજ એક એવી ગ્રુપ વિમા યોજના હેઠળ ગુજરાતભરનાં તમામરઘુવંશી લોહાણા જ્ઞાતી બંધુઓને આવરી લેવાનાં દૃઢ નિર્ધાર સાથે આ વિમા સુરક્ષા યોજના શરૂ કરવા જઈ રહ્યું છે.

દરેક જ્ઞાતી બંધુઓએ એક નજીવી રકમપ્રીમિયમતરીકે જમા કરાવવાની રહેશે અને અચાનક અકસ્માતે પરીવારજનને ગુમાવવાનો સમય આવે તો તુરંત આર્થીક સહાય મળી રહે અને પરીવારની આર્થીક વ્યવસ્થા જળવાઈ રહે...

વિસ્તૃત માહીતી...

# થેલેસીમિયા શું છે ?

જાગો... જાગો... જાગો...
થેલેસેમીયા ભગાડો...

ડૉ. નેત્રા ઉમંગભાઈ ઠક્કર

## વ્હાલા જ્ઞાતિબંધુઓ,

તમે થેલેસીમિયા વિશે કંઈ જાણો છો ?

થેલેસીમિયા એટલે વારસાગત લોહીની વિકૃતિ, જેને પરિણામે લોહીમાં હીમોગ્લોબીન જોઈતા પ્રમાણમાં બનતું નથી. આના બે પ્રકાર જોવા મળે છે. થેલેસીમિયા માયનર અને થેલેસિમિયા મેજર.

થેલેસીમિયા માયનરવાળી વ્યક્તિને કોઈ તકલીફ થતી નથી. તે સંપૂર્ણપણે તંદુરસ્ત દેખાય છે. પરંતુ થેલેસીમિયા માયનરવાળા પુરુષ અને મહિલાના લગ્ન થાય તો તેમને બાળક થેલેસીમિયા મેજરવાળું જન્મી શકે છે.

